## નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન યોજના (રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન–NULM)

નેશનલ અર્બન લાઈવલીહુડ મિશન યોજના NULM અંતર્ગત

**૧. સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ**

Social Mobilisation And Institution Development

– આ ઘટક અંતર્ગત શહેરી ગરીબોના સ્વ સહાય જુથની રચના કરી વિસ્તાર કક્ષા (Area Level Fedration) અને શહેર કક્ષા મંડળો (City Level Fedration)ની રચના કરવાની રહે છે.

**૧. <u>સામાજીક ગતિશીલતા અને સંસ્થાગત વિકાસ :–</u>**

**(Social Mobilisation And Institution Development)**

**a. સ્વસહાય જુથ (Self Help Group–SHG ):–**

**સભ્યોની સંખ્યાઃ**– ૧૦ થી ૨૦ સભ્યોનું જુથ.

– **લાભાર્થીઓની લાયકાત :**– ઓછામાં ઓછા ૭૦% સભ્યો શહેરી ગરીબો/ મા વાત્સલ્ય/ મા અમૃતમ/ ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ/ પુરવઠા વિભાગના બીપીએલ કાર્ડ ધારક હોવા જોઈએ. સામાન્ય રીતે મહિલાઓનું જુથ અને વિકલાંગ કે અશકત પુરુષોનું જુથ બનાવી શકાશે.

– **રીવોલ્વીંગ ફંડ :**– SHGને એકવારીય રૂ.**૧૦,૦૦૦/**– ફરતા ભંડોળની સહાય ચુકવવામાં આવે છે. રીવોલ્વીંગ ફંડ માટે SHG ઓછામાં ઓછા છ માસથી કાર્યરત હોવું જરૂરી અને અગાઉ કોઈ યોજના/ SJSRY અંતર્ગત રીવોલ્વીંગ ફંડનો લાભ ન મેળવ્યો હોય તેવા જુથોને પણ રીવોલ્વીંગ ફંડનો લાભ આપી શકાય છે.

– મહિલા સ્વ સહાય જુથએ બેંકમાંથી લીધેલ લોનની રકમની સમયસર ભરપાઈ કરવાથી જુથને વધારાની ૩% વ્યાજ સહાય પુરી પાડવામાં આવશે.

| | રચાયેલ SHG જુથોની સંખ્યા | રચાયેલ SHG જુથોમાં સભ્યોની સંખ્યા | રીવોલ્વીગ ફંડ ચુકવાયેલ SHG જુથોની સંખ્યા | કુલ ચૂકવેલ રીવોલ્વીગ ફંડ |
|---|---|---|---|---|
| તા.૩૧/૩/૧૬ સુધી | 305 | 3355 | **148** | **1480000** |

**b. વિસ્તાર કક્ષાના ફેડરેશન (Area leval Faderation -ALF):–**

– સભ્ય પદ : જે તે વિસ્તારના **૧૦ થી ૨૦** SHG

– સભ્યો : જે તે વિસ્તારના SHGમાંથી પ્રત્યેક SHGના ૨ હોદ્દેદારો ફેડરેશનના સભ્યો રહેશે.

– રીવોલ્વીગ ફંડ : ALFને એકવારીય રૂ.**૫૦,૦૦૦/**– ફરતા ભંડોળની સહાયની જોગવાઈ છે. જેનો ઉપયોગ SHGને ધિરાણ કરવા, SHGના સભ્યોને વિવિધ સમર્થક સેવા પુરી પાડવા અને જાગૃતિ નિર્માણ/ માહિતીના પ્રસાર વિગેરે માટે કરી શકાશે.

**c. શહેરી આજીવિકા કેન્દ્રો (City livelyhood Centers -CLCs) :–**

– હેતુ : શહેરી ગરીબો તેમની સેવાઓ વેચી શકે, માહિતી અને અન્ય લાભો મેળવી શકે.

– સંખ્યા : **૧૦ લાખથી** વધુ વસ્તી ધરાવતાં શહેરોમાં **વધુમાં વધુ** ૮ CLCs ની સ્થાપના કરવામાં આવે છે.

**૨. ક્ષમતા ઘડતર અને તાલીમ**

Capacity Building & Training- CB&T

– કેન્દ્રીય, રાજય અને શહેર સ્તરે સમયસર અને ઉચ્ચ ગુણવત્તાપુર્ણ ટેકનિકલ સહાય ઉભી કરવી.

**૩. ક્ષમતા સંબધી તાલીમ અને પ્લેસમેન્ટ દ્વારા રોજગાર.**

Employment through Skills Training & Placement

- હેતુ :– લાંબો સમય ટકી રહે તેવી આજીવિકા પુરી પાડવા શહેરી ગરીબોને કૌશલ, તાલીમ આપવી.

- તાલીમ માટેના ઉમેદવાર : શહેરી ગરીબો/ મા વાત્સલ્ય/ મા અમૃતમ/ ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ/ પુરવઠા વિભાગના બીપીએલ કાર્ડ ધારક હોવા જોઈએ. તે પૈકી ૩૦% મહિલાઓ હોવી જોઈએ.
- તાલીમ માટેના અભ્યાસક્રમો : SULM ધ્વારા મંજુર થયેલ ધારાધોરણ મુજબ
- તાલીમનો સમયગાળો : ઓછામાં ઓછા ૦૩ મહિના આશરે ૪૦૦ કલાકની ટેકનિકલ કૌશલ તાલીમ અને તે ઉપરાંત ૩૦ કલાકની ભાષા કૌશલ તાલીમ (કોમ્પ્યુટર તાલીમ) આપવાની રહે છે.

- તાલીમ આપનાર સંસ્થા અને પ્રમાણીકરણ સંસ્થા (પ્રમાણપત્ર આપનાર એજન્સી ) બંને અલગ રાખવામાં આવશે.
- પ્રમાણીકરણ સંસ્થા : ઉમેદવારે મેળવેલ કૌશલની પરીક્ષા કે અલગ એજન્સી ધ્વારા મુલ્યાંકન કરી ઉમેદવારને પ્રમાણપત્ર આપશે.
- અસફળ ઉમેદવારોના પુનઃતાલીમ ખર્ચ તાલીમ આપનાર સંસ્થા ભોગવશે.

| | **કાર્યરત એજન્સીઓ સંખ્યા** | **કાર્યરત તાલીમ કેન્દ્રોની સંખ્યા** | **બેચની સંખ્યા** | **તાલીમ લઈ રહેલ તાલીમાર્થીઓની સંખ્યા** |
|---|---|---|---|---|
| **તા.૧/૪/૧૫ થી ૩૧/૩/'૧૬ સુધી** | **4** | **10** | **34** | **712** |

**૪. સ્વરોજગાર કાર્યક્રમ**

Self Employment Programmer

☛ **હેતુ** : શહેરી ગરીબોને વ્યકિતગત ધોરણે/ જુથમાં પોતાના કૌશલને અનુરૂપ નફાકારક સ્વરોજગાર સાહસો/લઘુ ઉધોગ સાહસો ઉભા કરવા માટે નાણાંકીય સહાય આપવી.

**વ્યકિતગત ઉધોગ સાહસ લોન અને સહાયકી :**

☛ **લાભાર્થી** : શહેરી ગરીબો/ મા વાત્સલ્ય/ મા અમૃતમ/ ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ/ પુરવઠા વિભાગના બીપીએલ કાર્ડધારક હોવા જોઈએ.

☛ **વયઃ** લાભાર્થી લોન માટે અરજી કરે ત્યારે તેઓએ ૧૮ વર્ષ પુરા કરેલ હોવા જરૂરી છે.

☛ **પ્રાયોજના ખર્ચઃ** વ્યકિતગત ઉધોગ સાહસનું મહત્તમ પ્રાયોજના ખર્ચ **રૂ.૨,૦૦,૦૦૦/-** સુધીની લોન

☛ **લોનની ભરપાઈ** : લોનની શરૂઆતના ૬ થી ૧૮ મહિના પછી બેંકો નકકી કરે તે મુજબ ૫ થી ૭ વર્ષની વચ્ચે હોઈ શકે.

**a. જુથ ઉધોગ સાહસ લોન અને સહાયકી :**

☛ લાભાર્થી : શહેરી ગરીબોનું જુથ અથવા સ્વ સહાય જુથના સભ્યો

☛ પાત્રતા : ઓછામાં ઓછા ૦૫ સભ્યોનું જુથ જરૂરી જે પૈકી ન્યુનતમ ૭૦% સભ્યો શહેરી ગરીબો/ મા વાત્સલ્ય/ મા અમૃતમ/ ઈ.ડબ્લ્યુ.એસ. આવાસ/ પુરવઠા વિભાગના બીપીએલ કાર્ડધારક પૈકીમાંથી હોવા જોઈએ.

☛ ઉપરોકત બંને પ્રકારની બેંક લોન માટે વ્યાજ સહાયકીની રકમ : જે **તે બેંકનો પ્રવર્તમાન વ્યાજદર** અને **વાર્ષિક ૭%ના વ્યાજદર વચ્ચેના તફાવતની** રકમ વ્યાજ સહાયકી તરીકે

બેંકોને ચુકવણી, બેંકોની ત્રિમાસિક વ્યાજ સહાયકી માટેની ડિમાન્ડ મળ્યેથી ચુકવવામાં આવે છે.

| | TFCમાં મુકવામાં આવેલ અરજીઓની સંખ્યા | TFC ઘ્વારા મંજુર કરી બેંકોમાં મોકલવામાં આવેલ અરજીઓની સંખ્યા | બેંકો ઘ્વારા મંજુર કરવામાં આવેલ અરજીઓની સંખ્યા | કુલ લોનની રકમ રૂ. |
|---|---|---|---|---|
| **તા.૧/૪/૧૫થી** તા.૩૧/૩/૧૬ સુધી | **00** | 877 | **337** | **63704124** |

**પ. શહેરી ગરીબ ફેરિયાઓને સહાય**

Support to Urban Street Vendors

– **હેતુ** : શહેરી ગરીબ ફેરિયાઓને કૌશલો શીખવા, લઘુ સાહસો ઉભા કરવામાં સહાય કરવા, ધિરાણ મેળવવા માટે સક્ષમ બનાવવા જરૂરી આયોજન.

– **કાર્ય** : ફેરિયાઓની સમયતંરે સમાજીક– આર્થિક મોજણી, નોંધણી અને તેઓને ઓળખપત્રો આપવાની તેમજ શહેરી ફરિયાઓનો એક ડેટાબેસ તૈયાર કરવાની કામગીરી.

– **તાલીમખર્ચ** : શહેરી ફેરિયાઓને તાલીમ પુરી પાડવા માટે વ્યકિત દીઠ મહત્તમ **રૂ.૭૫૦/–** તાલીમ ખર્ચ, જેમાં તાલીમાર્થીની ફી, ખોરાક, પ્રવાસ ખર્ચનો સમાવેશ થશે.

– **લોન પર વ્યાજ સહાયઃ** શહેરી ગરીબ ફેરિયાઓને ૭% વ્યાજ દરે લોન.

જે તે બેંકનો પ્રવર્તમાન વ્યાજ દર અને વાર્ષિક ૭%ના વ્યાજ દર વચ્ચેના તફાવતની રકમ વ્યાજ સહાયકી તરીકે બેંકોને ચુકવણી કરવાની જોગવાઈ છે.

**૬. ઘરવિહોણા શહેરી લોકો માટે આશ્રય યોજના**

Shelter for Urbun Homeless-SUH

– **હેતુ** : શહેરી સમાજોના સૌથી ગરીબ વર્ગને આશ્રય અને અન્ય તમામ આવશ્યક સેવાઓ પુરી પાડવા બાબત.

– **જોગવાઈ** : દર એક લાખ શહેરી વસ્તીદીઠ એવામાં ઓછી ૧૦૦ વ્યકિતઓ માટે કાયમી સામુહિક આશ્રયની જોગવાઈ દરેક આશ્રયમાં ૫૦ અથવા ૧૦૦ વ્યકિતઓનો સમાવેશ.